સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત

## એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના

## સંયુકત ઉપક્રમે આયોજીત

રાષ્ટ્રીય સ્તરનો શૈક્ષણિક પરિસંવાદ

# ભારતીય સાહિત્યમાં ભારતીયતા

## તા. ૨૧/૦૨/૨૦૨૩

## અહેવાલ

વ્યક્તિ ઘડતરમાં ભાષાની ભૂમિકા ખૂબ જ મહત્વની હોય છે. શિક્ષણકાર્યમાં સભાનતા વધારવા અને અપેક્ષિત પરિણામ મેળવવા માટે વર્તમાન અને ભાવિ શિક્ષકોમાં ભાષા વિષયક સજ્જતા વિકસે તે હેતુથી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદના સંયુકત ઉપક્રમે ભારતીય સાહિત્યમાં ભારતીયતા વિષય અંતર્ગત એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. ઉદઘાટન સત્ર સહિત જુદી જુદી ચાર બેઠકોમાં જુદા જુદા વિષયો સંદર્ભે ચર્ચા થઈ હતી.

ઉદઘાટન સત્ર :

ઉદઘાટન સત્રમાં પ્રાર્થના કાર્યક્રમ પછી કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. જયશ્રી દિક્ષિતે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય કરાવ્યો હતો. પરિસંવાદના સંયોજક ડૉ. લક્ષ્મણભાઈ બલાતે પરિસંવાદની રૂપરેખા રજૂ કરી હતી. અતિથિ વિશેષ તરીકે ડૉ. નિરંજન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિ વિશેષશ્રી ભાષાઓના મહત્વની વાત કરવાની સાથે સાથે માતૃભાષાનું મહત્વ સમજાવી જરૂર હોય તો જ અંગ્રેજી શબ્દો કે વાક્યો બોલવા પર ભાર મૂક્યો હતો. ઉદ્ઘાટન સત્રના અધ્યક્ષશ્રી અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ મંત્રીશ્રી શ્રી ડૉ.ભીખુભાઈ એન. પટેલસાહેબે ભાષાના મહત્વની વાત કરતાં કહ્યું હતું કે કોઈ પણ વિષયનો શિક્ષક

Scanned with ACE Scanner

પ્રથમ તો ભાષાનો શિક્ષક છે તેવું જણાવ્યુ હતું. ઉદ્ઘાટન સત્રના અંતે પરિસંવાદના સહસંયોજક ડૉ. દીપલ દવેએ આભારવિધિ સંપન્ન કરી હતી.

<u>પ્રથમ બેઠક :</u>

ઉદ્ઘાટન સત્ર પછીની પ્રથમ બેઠકમાં મુખ્ય વક્તા ડૉ. વિનોદ જોશીએ બીજરૂપ વક્તવ્ય રજૂ કર્યું હતું. તેઓશ્રીએ ભારતીય સાહિત્યમાં વર્ણવાયેલી ભારતીયતા વિષે આધારસહિતનો તાત્વિક ચિંતન રજૂ કર્યું હતું. વિષયની શરૂઆત જ્યાંથી કરી હતી ત્યાં પુનઃ આવીને શ્રોતા વર્ગને રસમગ્ન કરી વાતાવરણ શાંત છતાં અત્યંત જીવંત બનાવ્યું હતું. પોતાના વિષયને કેન્દ્રમાં રાખીને તેઓશ્રીએ ખૂબ જ ઊંડાણ સુધી ઉદાહરણ સહિત ચર્ચા કરી પોતાના વિષયની સંપૂર્ણ ન્યાય આપ્યાની લાગણી શ્રોતાગણમાંથી પણ વ્યક્ત થઈ હતી. વક્તવ્યના અંતે સંચાલક ડૉ. જ્યોતિ શાહે વકતાશ્રીનો આભાર માન્યો હતો.

<u>દ્વિતીય બેઠક :</u>

દ્વિતીય બેઠકના ચેર પર્સન તરીકે ડૉ. વિનોદ જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકની શરૂઆતમાં પેનલ ચર્ચાના વક્તાશ્રીઓનુ શાબ્દિક સ્વાગત અને પરિચય ઇન્ચાર્જ આચાર્ય ડૉ. જયશ્રી દિક્ષિતે કરાવ્યો હતો.

ગુજરાતી ભાષાના તજ્જ્ઞ વક્તા તરીકે ડૉ. સુધા ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. સુધા ચૌહાણે ભારતીય ભાષાઓને કેન્દ્રમાં રાખી ભારતીય સાહિત્યના ત્રણ ભાગ જેવા કે પ્રાચીન,મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્ય પૈકી કેટલાક મૂર્ધન્ય કવિઓ અને લેખકોનો ઉલ્લેખ કરી ગુજરાતી સાહિત્યમાં જોવા મળતી ભારતીયતાનાં દર્શન કરાવડાવ્યાં હતાં.

હિન્દી ભાષાના તજ્જ્ઞ વક્તા તરીકે ડૉ. અનિલા મિશ્રા ઉપસ્થિત રહ્યાં હતાં. હિન્દી સાહિત્યમાં પ્રગટ થયેલ ભારતીયતાનો ખ્યાલ રજૂ કરી ભારતીયતાને વૈશ્વિક પરિપ્રેક્ષમાં સમજાવાનો પ્રયત્ન કર્યો હતો.

Scanned with ACE Scanner

સંસ્કૃત ભાષાના તજ્જ્ઞ વક્તા તરીકે ડૉ. હેમા સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ અધ્યાત્મિકતાને કેન્દ્રમાં રાખી સંસ્કૃત સાહિત્યમાં ભારતીયતા ક્યાં નથી ? તેવા સવાલના જવાબરૂપે ઘણા બધા સંસ્કૃત સંદર્ભો ટાંકીને પોતાની વાત રજૂ કરી હતી.

અંગ્રેજી ભાષા સાહિત્યમાં ભારતીયતાની ઝાંખી કરાવી શકાય તેવા આશયથી ડૉ. પારૂલ પોપટ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. રાજા રામ મોહનરાયે અંગ્રેજોનો વિરોધ કરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો હતો તેવું તેમણે કહ્યું હતું. તેમણે પોતાના વિચારો રજૂ કરવાની સાથે સાથે ભારતીયતા સંદર્ભે અભિનેતા અમિતાભ બચ્ચનનાં ધ્વનિમુદ્રિત સંવાદો પણ સંદર્ભ તરીકે રજૂ કર્યા હતાં.

<u>તૃતીય બેઠક</u> :

પરિસંવાદમાં ચારેય ભાષાના કુલ મળીને ૨૦૦ સહભાગીઓ સહભાગી બન્યા હતાં જેમાં કોલેજના પ્રાધ્યાપકો, શિક્ષકો અને તાલીમાર્થીઓનો સમાવેશ થયો હતો. ૨૦૦ માથી ૧૫૦ જેટલા સહભાગીઓએ પોતાનાં શોધપત્રો રજૂ કર્યા હતાં. શોધપત્રો રજૂ કરવાની સાથે સાથે ચેર પર્સનના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ગુજરાતી સાહિત્યમાં પ્રગટતી ભારતીયતાને કેન્દ્રમાં રાખી સહભાગીઓ પોતાના શોધપત્રો રજૂ કરે અને જરૂરી વિશ્લેષણ થાય તે હેતુ થી ચેર પર્સન તરીકે ડૉ. અમિતા બી. પટેલે જવાબદારી નિભાવી હતી. સંચાલક તરીકે ડૉ. ઉષાદેવી શારડા ઉપસ્થિત રહ્યાં હતાં.

હિન્દી ભાષા સાહિત્યમાં પ્રગટતી ભારતીયતા સંદર્ભે શોધપત્રોની રજૂઆતનાં અંતે જરૂરી વિશ્લેષણ થાય તે હેતુ થી ચેર પર્સન તરીકે ડૉ. મનોજ તલાજીયા જવાબદારી નિભાવી હતી. સંચાલક તરીકે ડૉ. સુભાષ મકવાણા ઉપસ્થિત રહ્યાં હતાં.

Scanned with ACE Scanner

સંસ્કૃત ભાષા સાહિત્યમાં પ્રગટતી ભારતીયતા સંદર્ભે શોધપત્રોની રજૂઆતનાં અંતે જરૂરી વિશ્લેષણ થાય તે હેતુ થી ચેર પર્સન તરીકે ડૉ. હર્ષાબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં. સંચાલક તરીકે ડૉ. જયકર એસ. મેકવાને ભૂમિકા ભજવી હતી.

અંગ્રેજી સાહિત્યમાં પ્રગટતી ભારતીયતા સંદર્ભે શોધપત્રોની રજૂઆતનાં અંતે વિશ્લેષણ થાય તે હેતુ થી ચેર પર્સન તરીકે ડૉ. અલકા મેકવાન ઉપસ્થિત રહ્યાં હતાં અને સમગ્ર ચર્ચાનું સંચાલન ડૉ. જ્યોતિ શાહે કર્યું હતું.

સમગ્ર પરિસંવાદનાં અંતે ડૉ. સુભાષ મકવાણાએ સમગ્ર પરિસંવાદની આભારવિધિ સંપન્ન કરી હતી.

Scanned with ACE Scanner